**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૬ સપ્ટેંબર ૨૦૧૧**

## ચાર મહિનામાં પેટ્રોલમાં ૧૪ ટકા ભાવવધારો
## અર્થાત નિષ્ઠુરતાની પરાકાષ્ઠા : રામ નાઈક

**મુંબઈ, શુક્રવાર :** "દશેરા - દિવાળી ની વેળાએ જ ફરી એક વખત પેટ્રોલનો ભાવ વધારો કરી પ્રજાના આનંદ માં પાણો મારવાનું કાર્ય કોંગ્રેસ સરકારે કરેલ છે. પેટ્રોલનો ભાવ મે મહિનામાં રૂ. ૬૩.૦૮ પરથી પાંચ રૂપિયે તો હાલ ૩.૪૦ રૂપિયે અર્થાત માત્ર ચાર મહિના માં ૧૪ ટકા વધારી હવે રૂ. ૭૧.૯૨ કરી પેટ્રોલિયમ પ્રધાને નિષ્ઠુરતાની પરાકાષ્ઠા જ દાખવી છે", આ મુજબના આકરા શબ્દોમાં માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે ગઈકાલે થયેલા પેટ્રોલ ભાવવધારા નો નિષેધ કરેલ છે.

"આ ભાવવધારો કોઈ પણ સંજોગોમાં સમર્થનીય ના થઈ શકે. અર્થતજ્ઞ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ ની સરકારનું અર્થ શાસ્ત્ર  અજબ ગજબ નું છે. એકતરફ સામાન્ય માણસને ખપ નાં પેટ્રોલ, ડિઝલ, ઘાસલેટ અને ગૅસની કિમતો માં ધરખમ વધારો અને શ્રીમંતોના હવાઈ પ્રવાસ ને ખપ નું એટીએફ ઈંધણ પેટ્રોલ કરતાં થોડુંઘણું નહીં પણ લિટરદીઠ રૂ. ૫૮.૪૫ અર્થાત રૂ.૧૩.૫૦ જેટલું સસ્તું , આવું અજબ નું અર્થશાસ્ત્ર છે. ભાવવધારામાં બેવડી વળી ગયેલી પ્રજા મોંઘવારી ના ભરડામાં સપડાઈ છે. પાછલાં એક વર્ષમાં ૧૧ વખત વ્યાજ દરમાં વધારો કરી સરકાર મોંઘવારીની આગ માં ઘી હોમવાનું કાર્ય કરી રહી છે", આ મુજબની ટીકા કરી શ્રી રામ નાઈકે આ ભાવવધારો પાછો ખેંચવાની માગણી કરેલ છે.

" હવે તો સરકારે રાંધણ ગૅસ ના વિતરણ પર શરતો લાદી તે પણ મોંઘો કરવાનો પેંતરો રચ્યો છે. ગરીબોએ  અને તેમની સાથે મધ્યમવર્ગે પણ દિવાળી ન ઉજવવી તેવી કોંગ્રેસ સરકારની મંશા દેખાઈ આવે છે", આ મુજબનો મત વ્યકત કરી શ્રી રામ નાઈકે સરકારને નવી શરતો લાવશો તો પહેલાં થી કૃત્રીમ અછત વેઠી રહેલ રાંધણ ગૅસ ની કાળાબજારીમાં ઉમેરો થશે તેવી ચોકખી ચેતવણી આપેલ છે.

**( કાર્યાલય સચિવ )**